જિલ્લા શિક્ષણાધીકારી કચેરી,
જૂનો વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ, રાજકોટ - ૩૬૦૦૦૧
ફોન નંબર - (0281) 2223453 Email - rajkotdeo@gmail.com

ઇ-મેઇલ દ્વારા

ક્રમાંક – જિશિઅ/શિનિ૧/૨૦૨૨/૦૧

તારીખ – ૦૪ – ૦૧ – ૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, અનુદાનિત તથા સ્વ નિર્ભર મા. અને ઉ. મા. શાળાઓ, તમામ

જિ – રાજકોટ

વિષય - ધો. ૯ થી ૧૨ વિદ્યાર્થીઓને ગુજરાત STEM ક્વિઝમાં ભાગ લેવા બાબત

સંદર્ભ - કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક - ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧તા. ૩૦.૧૨.૨૧

ઉક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે GUJCOST દ્વારા ગુજરાત STEM ક્વિઝનું આયોજન (Grand Finale) આગામી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ (રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ) ના રોજ કરવામાં આવેલ છે. આ STEM ક્વિઝમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ તા. ૧૯.૧૨.૨૧ થી ૧૯.૦૧.૨૨ દરમિયાન ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી શકશે. આ બાબતની જાણ આપની શાળામાં અભ્યાસ કરતા ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને કરશો. વધુમાં આ સાથે સામેલ માર્ગદર્શિકા તથા STEM ક્વિઝનું બ્રોશર પણ નોટીસ બોર્ડ પર ડીસ્પ્લે કરશો જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ બાબતની જાણ થાય તથા તેઓ ભાગ લઇ શકે.

આપની શાળાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરશો જેથી વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, ઇજનેરી અને ગણિત વિષયોમાં ઉતસાહ વધે અને તેઓને આ ક્ષેત્રોમાં આગળ વધવા પ્રેરણા મળે. ઉક્ત ક્વિઝ બાબતે વધુ માહિતી અથવા માર્ગદર્શન અર્થે લોક વિજ્ઞાન કેન્દ્ર,રેસકોર્ષ, રાજકોટનો સંપર્ક રૂબરૂ કરી શકાશે.

નોંધ - વધુ માહિતી માટે – www.gujcost.gujarat.gov.in વેબસાઇટની મુલાકાત લેશો તથા વિદ્યાર્થીઓ www.gujcost.co.in વેબસાઇટ પરથી રજીસ્ટ્રેશન કરી શકશે.

બિડાણ - (૧) સંદર્ભ દર્શિત પત્ર, (૨) માર્ગદર્શિકા અને (૩) બ્રોશર

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

નકલ રવાના જાણ સારૂં તથા જરૂરી કાર્યવાહી સારૂં -

- શિ. નિ. તથા મ. શિ. નિ. આ કચેરી, તમામ
- કન્વીનરશ્રી, શાળા વિકાસ સંકુલ, તમામ, જિ રાજકોટ

નકલ રવાના જાણ સારૂં -

- માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, કમિ. શાળાઓની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજકોટ